# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/074 Dt. 29/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકના છઠ્ઠા દિવસે ટેકનિકલ ટેક્ષ્ટાઇલના ભવિષ્ય વિષે સેમિનાર યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી આયોજિત ટેક્ષ્ટાઇલ વીકના છઠ્ઠા અને અંતિમ દિવસે શનિવાર, તા. ૨૬ જુલાઇના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા સુરત ખાતે 'ટેકનિકલ ટેક્ષ્ટાઇલના ભવિષ્ય' વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્ર ચોખાવાલાએ સ્થાન શોભાવી સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાત વકતાઓ તરીકે ઓરબિટ એક્ષ્પોર્ટ્સ લિમિટેડના એકિઝકયુટીવ ડિરેકટર શ્રી બિરેન બંદ્યોપાધ્યાય અને આદિત્ય હોમ ટેક્ષ્ટાઇલના ડિરેકટર તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા ઉદ્યોગ સાહસિકોને સંબોધ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં ટેકનિકલ ટેક્ષ્ટાઇલ માટે વિશાળ માર્કેટ પોટેન્શિયલ છે અને સરકાર પણ તેના વિકાસ માટે વિવિધ નીતિઓ અને પ્રોત્સાહન આપી રહી છે. ટેકનિકલ ટેક્ષ્ટાઇલ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અપનાવીને અને વિશિષ્ટ ઉત્પાદનો વિકસાવીને આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બની શકીએ છીએ. ચેમ્બર પણ પોતાના સ્તરે ઉદ્યોગકારોને માર્ગદર્શન, નેટવર્કિંગ અને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્ર ચોખાવાલાએ જણાવ્યું હતું કે, ટેકનિકલ ટેક્ષ્ટાઇલ પ્રોમિસિંગ ફિલ્ડ છે તેનું ભવિષ્ય ખૂબ જ સારું છે. આ ઇન્ડસ્ટ્રી ૬થી ૧૧ ટકાના ગ્રોથ સાથે વધી રહી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં ટેકનિકલ

ટેક્ષ્ટાઇલનું વોલ્યુમ ૨૮૬૯૩ મિલિયન યુએસ ડોલર થવાની સંભાવના છે. સરકાર પણ ટેકનોલોજિકલ ઇનોવેશન, એક્ષ્પોર્ટ અને રિસર્ચ માટે સબસિડી આપે છે. ટેકનોલોજીમાં પણ ઘણા ઇનોવેશન્સ આવી રહયા છે. થ્રીડી વિવિંગ લો, નેનો ટેકનોલોજી, સ્માર્ટ ટેક્ષ્ટાઇલ સ્માર્ટ ફેબ્રિક લોને કારણે પ્રોડકશન એફિશિયન્સી વધવાની છે ત્યારે સુરતના ઉદ્યોગ સાહસિકોએ ટેકનિકલ ટેક્ષ્ટાઇલની તક ઝડપી લેવી જોઇએ.

ઓરબિટ એક્ષ્પોર્ટ્સ લિમિટેડના એકિઝકયુટીવ ડિરેકટર શ્રી બિરેન બંદ્યોપાધ્યાયે જણાવ્યું હતું કે, ટેકનિકલ ટેક્ષ્ટાઇલમાં ટેસ્ટીંગ મહત્વનું છે. યાર્નથી લઇને ગ્રે ફેબ્રિકનું ઓન લુમ અને ઓફ લુમ ટેસ્ટીંગ કરવું પડે છે. વિવિધ પ્રકારના ટેસ્ટીંગ કરીને જ ફાઇનલ પ્રોડકટ બનાવવાની હોય છે. પેરાશુટ, હેલ્મેટ, બુલેટપ્રુફ જેકેટ, ફાયર રેટારડન્ટ કલોથીંગ, એનબીસી સ્યુટ્સ અને હાઇ અલ્ટીટયુડ કલોથીંગ જેવા ટેકનિકલ ટેક્ષ્ટાઇલ ભારતમાં બનતા નથી, પરંતુ ઉદ્યોગ સાહસિકો ઇચ્છે તો સ્પેશ્યલ સેગ્મેન્ટમાં ટેકનિકલ ટેક્ષ્ટાઇલ બનાવી શકાય છે.

ટેકનિકલ ટેક્ષ્ટાઇલ્સમાં સસ્ટેનેબિલિટીના ત્રણ મુખ્ય પરિબળોમાં અર્થતંત્ર, સમાજ અને પર્યાવરણ ખૂબ મહત્વ ધરાવે છે. ઇકોનોમિક આસ્પેકટ્સ હેઠળ ઉત્પાદન ખર્ચ, માર્કેટ પોટેન્શિયલ અને રોજગારીની તકો મહત્વની હોય છે. જ્યારે સોશિયલ આસ્પેકટ્સ હેઠળ કામદારોના હક્કો, સુરક્ષા અને સમાજ પર પડતી તેની અસરને ધ્યાનમાં લેવામાં આવે છે. એવી જ રીતે એન્વાયરમેન્ટલ પર્સપેકિટવમાં પાણી, ઊર્જા અને કાચા માલના ન્યુનતમ ઉપયોગ સાથે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનો પ્રયાસ હોવો જોઈએ. ટેકનિકલ ટેક્ષ્ટાઇલ્સમાં સસ્ટેનેબલ અભિગમ અપનાવવાથી માત્ર પર્યાવરણ જ બચશે એવું નહી પણ ગ્રાહકોમાં બ્રાન્ડ પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતા પણ વધશે.

આદિત્ય હોમ ટેક્ષ્ટાઇલના ડિરેકટર તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, સુરતે હવે યાર્નમાંથી ગ્રે ફેબ્રિક બનાવવામાંથી બહાર નીકળીને હાઇ વેલ્યુ ગારમેન્ટ અને હાઇ વેલ્યુ ફેબ્રિક બનાવવાની જરૂર છે. યુવી રેઝીસ્ટન્ટ, એન્ટી બેકટેરિયલ અને ફાયર રેટારડન્ટ જેવા ફંકશનલ ફેબ્રિક બનાવવાની જરૂરછે. હાલમાં થ્રીડી નિટેડ એમએમએફ ફેબ્રિક નવી ટેકનોલોજી આવી છે, એમાં પણ એમએમએફનો જ વધારે ઉપયોગ થશે. સુરતમાં હવે વેલ્યુ એડેડ ગારમેન્ટ મેન્યુફેકચરીંગ કરવાની જરૂર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બ્રાન્ડીગને કારણે જ સારી વેલ્યુ મળશે. સુરત હાઇ વેલ્યુ ગારમેન્ટ ચેઇન બનાવી શકે છે. એના માટે એમએમએફ ગારમેન્ટ કલસ્ટરનો ખૂબ જ મોટો સ્કોપ છે. એમાં સ્ટીચિંગ, પ્રિન્ટીગ અને પેકેજિંગ એક જ જગ્યાએ કરી શકાય છે. ઇન્કયુબેટ હોમગ્રોન ફેશન બ્રાન્ડ ખૂબ જરૂરી છે. તેમણે ડિજિટલ ઓટોમેશન લીડરશિપ વિષે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટની દૃષ્ટિએ ભારત અન્ય દેશોની તુલનામાં પાછળ છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતે ૧૦૦ બિલિયન યુએસ ડોલરના ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટના લક્ષ્યાંકને હાંસલ કરવાનો છે, જેમાં સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના યોગદાનની જરૂર છે. એના માટે ઉદ્યોગકારોએ હોમ ફર્નિશિંગ અને ટેકનિકલ ટેક્ષ્ટાઇલમાં બલ્ક પ્રોડકશન કરવાની જરૂર છે. સુરતના દસ ઉદ્યોગકારોએ ભેગા મળીને ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ વધારવાની દિશામાં પ્રયાસ કરવો પડશે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્ર કાજીવાલા અને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સેમિનારનું સંચાલન કર્યું હતું. નિષ્ણાત વકતાઓએ ઉદ્યોગ સાહસિકોના ટેકનિકલ ટેક્ષ્ટાઇલ સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.